રાજયની અનુદાનિત ખાનગી પ્રાથમિક શાળાઓના ફિકસ પગારમાં વિધા સહાયકોની પાંચ વર્ષની સેવાઓને ત્યારબાદની માન્ય સરકારી સેવામાં બઢતી, પ્રવરતા,ઉચ્ચત્તર પગાર ધોરણ તેમજ નિવૃત્તિ વિષયક જેવા લાભો માટે માન્ય ગણવા(જોડવા) બાબત

ગુજરાત સરકાર

શિક્ષણ વિભાગ

ઠરાવ ક્રમાંકઃ નશમ/૧૦૨૨/૪૨૩/ચ

સચિવાલય, ગાંધીનગર.

તારીખઃ ~~૨૪~~ ૨૯/૦૮/૨૦૨૨

<u>વંચાણે લીધાઃ</u>

(૧) શિક્ષણ વિભાગનો તા.૧૮.૦૬.૧૯૯૯નો ઠરાવક્રમાંક:ખપશ/૧૦૯૯/૫૪૯/ચ

(૨) શિક્ષણ વિભાગનો તા.૦૮.૦૩.૨૦૧૯નો ઠરાવક્રમાંક:પીઆરઇ/૧૧૨૦૧૭/સીંગલ ફાઇલ-૫/ક

<u>પ્રસ્તાવના:</u>

ઉકત વંચાણે લીધેલ અનુક્રમ નં.-૧ પરના ઠરાવથી રાજ્યમાં અનુદાનિત ખાનગી પ્રાથમિક શાળાઓમાં વિદ્યાસહાયકોની ફિક્સ પગારથી ભરતી કરવાની યોજના અમલમાં છે.

ઉકત વંચાણે લીધેલ અનુક્રમ નં.-૨ પરના ઠરાવથી રાજ્યમાં જિલ્લા શિક્ષણ સમિતિ અને નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ હસ્તકની પ્રાથમિક શાળાઓના વિદ્યાસહાયકોની પાંચ વર્ષની ફિક્સ પગારની સેવાઓને "બઢતી, પ્રવરતા, ઉચ્ચતર પગાર ધોરણ તેમજ નિવૃત્તિ" વિષયક લાભો માટે માન્ય ગણવા ઠરાવેલ છે.

તે જ રીતે રાજ્યની અનુદાનિત પ્રાથમિક શાળાઓના ફિકસ પગારના વિદ્યા સહાયકોની તે પાંચ વર્ષની ફિક્સ પગારની સેવાઓને "બઢતી,પ્રવરતા,

ઉચ્ચતર પગાર ધોરણ તેમજ નિવૃત્તિ" વિષયક જેવા લાભો માટે માન્ય ગણવા(જોડવા) અંગેની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

ઠરાવ:

પ્રસ્તુત બાબતે કાળજીપૂર્વક વિચારણાના અંતે રાજ્યની અનુદાનિત પ્રાથમિક શાળાઓમાં વિદ્યાસહાયકના ધોરણે નિમણૂંક પામેલ ફિકસ પગારના શિક્ષકોની સેવાઓને "બઢતી, પ્રવરતા, ઉચ્ચતર પગાર ધોરણ અને નિવૃત્તિ" વિષયક લાભો માટે માન્ય ગણવા(જોડવા) બાબતે **નીચેની શરતોને આધીન** ઠરાવવામાં આવે છે.

(૧)	આ પાંચ (૦૫) વર્ષની ફિક્સ પગારની નોકરીનો સમયગાળો "બઢતી, પ્રવરતા, ઉચ્ચતર પગાર ધોરણ તેમજ નિવૃત્તિ" વિષયક મળવાપાત્ર લાભોની ગણતરી માટે જ ધ્યાને લેવાનો રહેશે. આ સિવાય અન્ય કોઈપણ પ્રકારના સેવાકીય/નાણાકીય લાભ મળવાપાત્ર થશે નહીં.
(૨)	આ ફિક્સ પગારની સેવા ધ્યાને લેવાના કારણે પગાર બાંધણી થતાં નક્કી થતાં પગારના કોઈ પણ પગારનો સદરહું ઠરાવ પ્રસિદ્ર થયા તારીખ સુધીના સંપૂર્ણ સમયગાળા સુધીનો કોઈ પણ પ્રકારનો તફાવત (એરિયર્સ) રોકડમાં કે અન્ય કોઈપણ રીતે ચૂકવવા પાત્ર થશે નહીં. એટલે કે સદરહું ઠરાવ પ્રસિદ્ર થયા તારીખ સુધીના સમયગાળા માટેની ગણતરી માત્ર નોશનલ ગણવાની રહેશે. તેમજ સદરહું ઠરાવ પ્રસિદ્ર થયા તારીખ સુધીના સમયગાળાનું કોઈ એરિયર્સ મળવાપાત્ર થશે નહીં.
(3)	આ ફિક્સ પગારની સેવાના સમયગાળા માટે કોઈપણ પ્રકારના ઈજાફા ગણતરીમાં, નોશનલના હેતુ માટે પણ, ધ્યાને લેવાના રહેશે નહીં.
(૪)	જે વિદ્યાસહાયકોને હાલની તારીખે જૂની પેન્શન યોજના લાગુ પડે છે તેઓને જૂની પેન્શન યોજના લાગુ પડશે. જે વિદ્યાસહાયકોને નવી પેન્શન યોજનામાં જોડાયેલ છે તેઓને નવી પેન્શન યોજના જ લાગુ પડશે. એટલે કે પાંચ (૦૫) વર્ષની ફિક્સ પગારનો સમયગાળો ધ્યાને લેવાના કારણે તેઓને હાલમાં લાગુ પડેલ પેન્શન યોજનામાં કોઈ ફેરફાર આવશે નહીં.

(૫)	ઉકત દર્શાવેલ શરતો મુજબની બાંહેધરી એફિડેવિટ સમુચિત સ્વરૂપે મંડળ તથા દરેક કર્મચારી પાસેથી વ્યક્તિગત લેવાની રહેશે અને ત્યારબાદ જ આવા લાભો સમયસર મંજૂર કરવાના રહેશે.

આ ઠરાવ શિક્ષણ વિભાગની સમાન ક્રમાંકની ફાઈલ પર નાણાં વિભાગ, સામાન્ય વહીવટ વિભાગ અને સરકારશ્રીની તા.૧૮/૦૮/૨૦૨૨ ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે પ્રસિદ્ધ કરેલ છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(એમ.કે.પરમાર)
ઉપ સચિવ,
શિક્ષણ વિભાગ.

પ્રતિ,

- માન.મંત્રીશ્રી, શિક્ષણના અંગત સચિવશ્રી, સચિવાલય,ગાંધીનગર
- માન.રા.ક.મંત્રીશ્રી, શિક્ષણના અંગત સચિવશ્રી, સચિવાલય,ગાંધીનગર
- અધિક મુખ્ય સચિવશ્રીના રહસ્ય સચિવશ્રી, નાણા વિભાગ, સચિવાલય,ગાંધીનગર.
- સચિવશ્રી, (પ્રા.શિ. અને મા.શિ.)ના શિક્ષણના અંગત સચિવશ્રી, સચિવાલય,ગાંધીનગર
- પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રી, ડૉ. જીવરાજ મહેતા ભવન, બ્લોક નં.૧૨/૧, ગાંધીનગર
- નિયામકશ્રી, હિસાબ અને તિજોરીની કચેરી, ડૉ. જીવરાજ મહેતા ભવન, બ્લોક નં.૧૪/૧, ગાંધીનગર
- સર્વે જિલ્લા શિક્ષણાધિકારીશ્રીઓ
- સર્વે જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રીઓ (નિયામકશ્રી પ્રા.શિ. મારફત)
- સર્વે જિલ્લા તિજોરી અધિકારીશ્રીઓ
- સર્વે સબ ટ્રેઝરી અધિકારીશ્રીઓ
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, ગુજરાત રાજ્ય, રાજકોટ/અમદાવાદ.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર.